# વિદ્યાલક્ષ્મી બોન્ડ અંગેની નીતિમાં ફેરફાર કરાયો

## ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૦ ટકાથી ઓછો સ્ત્રી સાક્ષરતાદર ધરાવતા ગામોને જ વિદ્યાલક્ષ્મી બોન્ડ માટે પસંદગી કરાશે

ગાંધીનગર, તા. ૨

શાળા પ્રવેશોત્સવ દરમ્યાન આપવામાં આવતા વિદ્યાલક્ષ્મી બોન્ડની યોજનામાં વધુ એકવાર રાજ્ય સરકારે ફેરફાર કરવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારે આ વર્ષે ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૦ ટકાથી ઓછો સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા ગામોની બાળાઓને જ આ યોજનામાં સમાવવાનો નિર્ણય કર્યો છે. બાળાઓની પસંદગીના માપદંડ યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે.

શિક્ષણ વિભાગ દ્વારા આ વખતે પ્રવેશોત્સવના કાર્યક્રમમાં આમૂલ પરિવર્તન કરવાના અભિગમરૂપે મીની ગુણોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત દરેક તાલુકામાં એક અંગ્રેજી માધ્યમની સરકારી પ્રા. શાળા શરૂ કરવાનો નિર્ણય પણ સરકારે કર્યો છે.

પ્રવેશોત્સવની સાથે સાથે વર્ગખંડો જે નવા બન્યા હોય તેનું લોકાર્પણ કરવાની પણ સૂચનાઓ વિભાગે આપી છે. રાજ્યના શિક્ષણ વિભાગે પ્રવેશોત્સવ લોકોત્સવ બને તે માટે નિવૃત્ત શિક્ષકો પણ આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહે અને તેમનો સહકાર મેળવવાની સૂચનાઓ પણ આપી છે.

હાલ આ પ્રવેશોત્સવના આયોજનનો આખરી ઓપ આપવાની કામગીરી ચાલી રહી છે. રાજ્યના શિક્ષણ સચિવે આજે શિક્ષણના અધિકારીઓ સાથે વિશેષ વિસ્તૃત બેઠક પણ યોજી હતી અને આયોજન અંગેની નાની-નાની બાબતોની સમીક્ષા કરી હતી.



વિધાનસભા સંકુલનું રિનોવેશન - પાટનગરમાં આજકાલ રિનોવેશનની મોસમ ચાલે છે... રહેણાંકોનું રિનોવેશન, રંગમંચોનું રિનોવેશન, શાળા-કૉલેજનું રિનોવેશન, સરકારી કચેરીઓના રિનોવેશન બાદ વિધાનસભા સંકુલના રિનોવેશનની કામગીરી યુદ્ધના ધોરણે ચાલે છે... વિધાનસભાની ચૂંટણી બાદ નવનિર્વાચિત ધારાસભ્યો નવપલ્લવિત વિધાનસભા સંકુલમાં બેસી શકે એવા લક્ષ્ય સાથે રિનોવેશનની કામગીરી ચાલી રહી છે...

# શહેરમાં ત્રણ દિવસ રાહત રહ્યા બાદ પુનઃ ગરમી વધી

ગાંધીનગર, તા. ૨

વરસાદના આગમન પૂર્વે રાજ્યના ઘણા વિસ્તારોમાં પ્રિ-મોન્સુન એક્ટીવીટી શરૂ થઈ છે ત્યારે ગાંધીનગરમાં ત્રણ દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યું હતું. ત્યારબાદ આજે મહત્તમ તાપમાન વધીને ૪૩ ડિ.સે. પહોંચતા ભારે ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો છે.

રાજ્યના ઘણાં વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યાં છે. ઉનાળાના પ્રારંભે જેવી આકરી ગરમી હતી તેવી જ આકરી ગરમી હાલમાં પડી રહી છે. આકરા તાપની સાથે હવે ઉકળાટ પણ વધવા માંડ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીથી સૌ કોઈ હેરાન પરેશાન થઈ ગયા છે. છેલ્લા ત્રણ દિવસથી વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમી થોડીક ઘટી હતી. જો કે આજે પુનઃ ગરમી વધવા માંડી છે.

આજે મહત્તમ તાપમાન ૪૩ ડિ.સે. રહેતા વસાહતીઓ ગરમીમાં હેરાન પરેશાન થયા હતા. લઘુત્તમ તાપમાન ૩૨ ડિ.સે. રહેતા રાત્રે પણ ખુબ જ ઉકળાટ રહ્યો હતો. જ્યારે ભેજનુ પ્રમાણ સવારે ૫૪ ટકા અને સાંજે ૩૨ ટકા રહેતા ભારે ગરમીમાં વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા હતા.

રાજ્યના અન્ય વિસ્તારોમાં પ્રિ-મોન્સુન એક્ટીવીટી આરંભાઈ છે ત્યારે હવામાન વિભાગ ગાંધીનગરમાં પણ એકાદ-બે દિવસમાં વરસાદની આગાહી કરે છે.

# આવતીકાલે જિલ્લાના ૨૦૫૮૬ ઉમેદવારો વર્ગ-૧ અને ૨ની સ્પર્ધાત્મક પરીક્ષા આપશે

## જિલ્લાના ૮૦ બિલ્ડીંગોમાં પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા

ગાંધીનગર તા ૨

ગુજરાત મુલ્કી અને વહીવટી સેવા વર્ગ -૧ અને ૨ ના સંવર્ગની આગામી તા ૪ જુનના રોજ પરીક્ષા લેવાશે જિલ્લામાંથી ૨૦૫૮૬ ઉમેદવારો પરીક્ષા આપશે પરીક્ષાને અનુલક્ષી જિલ્લાના ૮૦ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવાશે. જિલ્લા કલેકટર કચેરી , શિક્ષણ તંત્ર તેમજ પોલીસ વિભાગ દ્વારા પરીક્ષાને અનુલક્ષી જરૂરી તમામ તૈયારીઓ કરી દેવાઈ છે. જયારે પરીક્ષાના આયોજનને યોગ્ય કરવા માટે અગાઉ જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે બેઠક પણ યોજવામાં આવી હતી.

જી પી એસ સી દ્વારા વર્ગ -૧ અને ૨ ના ઉમેદવારો માટે આગામી રવિવારે પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૪ જુનના રોજ યોજાનારી આ પરીક્ષાને અનુલક્ષી

● અનુસંધાન પાન-૫ પર

# ભંગારનો વેપાર કરતા વેપારીઓને મેલેરિયા તંત્રએ નોટીસ પાઠવી

ગાંધીનગર, તા. ૨

જૂન માસ આવતાં જ શહેરી મેલેરિયા તંત્ર હરકતમાં આવ્યુ છે અને ૬૫ જેટલા ભંગારનો વેપાર કરતા વેપારીઓને નોટીસ આપી તેમના ભંગાર માલસામાનનો યોગ્ય નિકાલ કરવા માટે અથવા તો તેમાં વરસાદી પાણીનો ભરાવો ના થાય તે જોવા નોટીસ ફટકારી છે.

મેલેરિયા વિરોધી માસની ચાલી રહેલી ઝુંબેશ તેમજ સરકારે ૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુક્ત ગુજરાતના કરેલા સંકલ્પ અંતર્ગત તંત્રએ આ કાર્યવાહી કરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ધોળાકુવા, ઈન્દ્રોડા, ગોકુલપુરા, ફતેપુરા વિસ્તારમાં આવેલા આ ભંગારના વેપારીઓને તંત્રએ આજે નોટીસ ફટકારી છે. પ્રિ.મોન્સુન મેલેરીયા એક્ટીવીટીના ભાગરૂપે મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રો ઘટાડવા માટેની આખી વ્યુહરચના તંત્રએ કરી છે. આ વ્યુહરચના મુજબ સોર્સ ડીડક્શન થાય તેના પર વધુ ભાર મુકવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તંત્રના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અગાઉ કન્સ્ટ્રક્શન કંપનીઓ પર ત્રાટક્યુ હતુ અને ત્યાં એન્ટી લારવેલની કામગીરી કરી હતી. આ ઉપરાંત શહેરની વિવિધ સરકારી ઈમારતોના ધાબાઓ પર વરસાદી પાણી ના ભરાઈ રહે તે માટે માર્ગ-મકાન વિભાગને પત્ર લખી અને જરૂરી પગલાં લેવા માટે તાકીદ કરી છે.

# ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અનામત કક્ષાના ૮૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે

## આગામી તા ૫ જુને પ્રવેશ માટેના ફોર્મનુ વિતરણ કરાશે

ગાંધીનગર તા ૨

ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે આગામી તા ૫ જુનથી શરૂ કરવામાં આવશે. જેમાં અનામત કક્ષામાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. તા ૫ જુનથી ફોર્મ વિતરણ કરવામાં આવશે. જયારે ૮ મી જુનના રોજ મેરીટ યાદી તૈયાર કરાશે.

ધોરણ-૧૦ના બોર્ડ પરિણામ જાહેર થયા બાદ નગરની શાળાઓમાં ધોરણ-૧૧ ની પ્રવેશ પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. હાલ નગરની વિવિધ શાળાઓમાં પ્રવેશ કાર્યવાહીને અનુલક્ષી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓની ભીડભાડ જોવા મળી રહી છે. ધોરણ -૧૦ બાદ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ માટે નીટ અને જેઈઈ ની પરીક્ષા પધ્ધતિના લીધે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પ્રવેશલક્ષી કાર્યવાહીમાં વિશેષ ઉત્સુકતા જોવા મળી રહી છે. બીજીતરફ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ગાંધીનગરના શહેરી વિસ્તારને અનુલક્ષી અનામત કક્ષાના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ માં પ્રવેશ આપવા માટે ટુંકમાં જ કાર્યવાહી શરૂ કરી દેવાશે. જિલ્લા શિક્ષણાધિકારી બારડના જણાંવ્યા મુજબ અનામત કક્ષાના વિદ્યાર્થીઓના પ્રવેશ માટે આગામી તા ૫ જુનના રોજથી પ્રવેશ કાર્યવાહી હાથ ધરાશે જેમાં ફોર્મ વિતરણના અંતે તા ૬ જુનના રોજ ફોર્મ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ ૮ જુનના રોજ મેરીટ યાદી જાહેર કરવામાં આવશે. ત્યારબાદ તા ૯ જુનના રોજ પ્રવેશ પ્રક્રીયા શરૂ કરવામાં આવશે. સે-૧૨ સ્થિત સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહારમાં પ્રવેશ કાર્યવાહીની પ્રક્રીયા હાથ ધરાશે. વધુમાં ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અનામત કક્ષામાં ગુજરાતી માધ્યમમાં ૫૪૪ તેમજ અંગ્રજી માધ્યમમાં ૨૫૬ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. આમ અનામત કક્ષામાં ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે કાર્યવાહી હાથ ધરાશે.

# નગરની ટપાલ કચેરીઓને સી.સી. ટી.વી. કેમેરાથી સજ્જ કરવા રજુઆત

## તુટેલી ટપાલપેટીઓ પણ યોગ્ય કરવા તેમજ સમયસર ટપાલોનુ ક્લીયરીંગ માટે ડાક અદાલતમાં સુચન : શહેર વસાહત મહામંડળના પ્રતિનિધિઓએ રજુઆત કરી

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં તુટેલી ટપાલપેટીઓને યોગ્ય કરવા તેમજ પોસ્ટ કચેરીઓમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવા માટે ડાક અદાલત દરમિયાન શહેર વસાહત મહામંડળ દ્વારા રજુઆત કરવામાં આવી હતી. ડાક અદાલત દરમિયાન નવનિયુક્ત ડાક અધિક્ષકને સેકટરોમાં ખાલી પડેલા ડાક વિભાગના પ્લોટમાં અધ્યતન કચેરીઓ તૈયાર કરવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ હતુ.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ડાક અદાલત દરમિયાન મહામંડળના પદાધિકારીઓએ પોસ્ટ કચેરી તેમજ આમ નાગરિકોને સ્પર્શતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરી હતી. જેમાં તુટેલી ટપાલ પેટીઓને યોગ્ય કરવા ઉપરાંત પોસ્ટ કચેરીઓમાં સી સી ટી વી કેમેરાની વોચ ગોઠવવા પણ રજુઆતમાં જણાંવાયુ હતુ. મહામંડળના મયુર વ્યાસ ,કિશોર જીકાદરા, સુધીર દેસાઈ તેમજ આત્મારામ પરમારે ડાક અધિક્ષક શિશકુમાર તેમજ મદદનીશ ડાક અધિક્ષક ચિત્રાબેનને રજુઆતમાં જણાંવ્યુ હતુ કે સેકટરોમાં ટપાલનુ યોગ્ય સમયે ક્લીયરીંગ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાનુ અનિવાર્ય છે.

● અનુસંધાન પાન-૫ પર

# શિક્ષણતંત્રના પ્રયાસોના અંતે નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ઘટી

## જિલ્લાની ૩૧ શાળાઓનુ પરિણામ સો ટકા નબળુ પરિણામ ધરાવતી ૨૧ પૈકી ૧૦ શાળાઓમાં પરિણામનુ સ્તર સુધર્યુ

ગાંધીનગર તા ૨

ધોરણ -૧૦ માં નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ઘટી છે. શિક્ષણ તંત્ર દ્વારા નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધારવા હાથ ધરાયેલા પ્રયાસોના અંતે જિલ્લાની ૧૧ શાળાઓનુ પરિણામ સુધર્યુ છે. જયારે સો ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ વધી છે. માર્ચ ૨૦૧૭ માં કુલ ૩૧ શાળાઓનુ પરિણામ સો ટકા આવ્યુ છે.

નબળુ પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધારવા માટે તેમજ પરિણામની ટકાવારી ઉંચી

● અનુસંધાન પાન-૫ પર




માણસા સ્નેહી સમાજ ગાંધીનગરનું

॥ ગૌરવ ॥

જૂન ૨૦૧૭માં લેવાયેલી ધોરણ-૧૨ની સામાન્ય પ્રવાહની પરિક્ષામાં ઝળહળતી સફળતા મેળવવા બદલ સમાજ, પરિવાર તેમજ હાઈસ્કૂલને ગૌરવ અપાવવા બદલ અભિનંદન પાઠવે છે.

મિલૌની મુનિષ પરમાકર

PR.99.92



ગ્રામ સેવા મંદિર, મહિલા ગ્રામ વિદ્યાપીઠ

નારદીપુર, કલોલ-માણસા રોડ

ઈફ્કોની સામે, તા. કલોલ, જી. ગાંધીનગર - ૩૮૨૭૩૫,

ફોન નં. ૦૨૭૬૪-૨૮૯૫૧૬, ૨૬૯૮૨૮ Ext-104, 105

B.R.S. પ્રવેશ જાહેરાત

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સંલગ્ન મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુરમાં ચાલતા ધોરણ-૧૨ પછી સ્નાતક કક્ષાના સરકાર માન્ય અભ્યાસક્રમ

(૧) રૂરલ ફાર્મ મેનેજમેન્ટ (૨) રૂરલ હોમ સાયન્સ મેનેજમેન્ટ એન્ડ હેલ્થમાં

B.R.S. સેમેસ્ટર-૧માં પ્રવેશ મેળવવા તા. ૬/૬/૨૦૧૭ થી ૧૭/૬/૨૦૧૭ સુધી સંસ્થાના કાર્યાલયમાંથી (સમય : ૮.૦૦ થી ૫.૦૦) નિયત અરજી ફોર્મ મેળવી પરત કરવાનું રહેશે. પાસપોર્ટ ફોટા સાથે જરૂરી અસલ તેમજ ઝેરોક્ષ પ્રમાણપત્રો લઈને આવવું.

પ્રવેશ યોગ્યતા : ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહમાં ૪૦% કે વધુ

આચાર્યાશ્રી - રીટાબેન એસ. દવે

મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદપુર, મો. : ૯૪૦૮૮૬૮૭૦૮



જુન મેલેરિયા વિરોધી માસ ઉજવણી-૨૦૧૭

મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા જેવાં વાહકજન્ય રોગોથી વચવા આટલુ કરીએ

(૧) મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયાના મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે.
(૨) આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
(૩) ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા - ખાબોચિયા દૂર કરીએ....
(૪) પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયમાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ - શુક્રવારને સુકા દિવસ તરીકે પાળવો.
(૫) શરીર પુરું ઢંકાય તેવા કપડા પહેરવા.
(૬) મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
(૭) સવારે ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
(૮) વહેલી સવારે તથા સાંજે ઘરના બારી - બારણા બંધ રાખવા.
(૯) ઘરની આસપાસ કે છત પર પડેલ નકામા ભંગાર તેમજ ટાયરોનો નાશ કરવો.
(૧૦) પક્ષીકુંજ, ફુલદાની, કુંડા, કુલર, ફ્રીઝની ટ્રે માં ડેન્ગ્યુ તથા ચિકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાડિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવું.
(૧૧) જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીનો ઉપયોગ કરવો. આપની મચ્છરદાની નજીકના આરોગ્ય કેન્દ્ર પર મફતમાં જંતુનાશક કરી આપવામાં આવે છે.
(૧૨) કોઈપણ તાવ મેલેરિયા કે ડેન્ગ્યુ હોઈ શકે. તાવ આવે ત્યારે શરીરના ખુલ્લા ભાગ ઉપર રીપેલન્ટ લગાવવાડી મચ્છરને ચેપી બનતા અટકાવી શકાય અને અન્ય વ્યક્તિમાં રોગ ફેલાવતો અટકાવી શકાય.

'આપના સાથ અને સહકાર થકી ગાંધીનગર જિલ્લાને ૨૦૨૨ સુધીમાં મેલેરિયા મુક્ત કરીએ'

"End Malaria For Good." ''મેલેરિયાનો અંત સારા ભવિષ્ય માટે''

મેલેરિયા શાખા, જિલ્લા પંચાયત, ગાંધીનગર



પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ





સ્વ. નંદુબા છત્રસિંહ વાઘેલા (ઘંટીવાળા)

સ્વ. તા. ૦૩-૦૬-૨૦૧૬

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતી નથી,
હર હંમેશ હેતની લાગણી સહેજ વિસરાતી નથી.
આપના સ્નેહની સુગંધ સર્વત્ર પ્રસરતી રહેશે. વરસ્યા છો દૂર
છતાં કૃપા આપની વરસતી રહેશે.

આપના દિવ્ય આત્માને કોટી કોટી વંદન...

અમિતસિંહ, ધવલસિંહ, મયુરસિંહ
સોહનસિંહ, નમતા, રશ્મી
તથા છત્રસિંહ પરિવાર

જશવંતસિંહ સી. વાઘેલા (સે.૨૮)
ભૂપેન્દ્રસિંહ સી. વાઘેલા
નરેન્દ્રસિંહ સી. વાઘેલા
જસવંત ફ્લોર ફેક્ટરી-સે.૨૮, ગાંધીનગર

મુ.પો. પેથાપુર, તા. જિ. ગાંધીનગર



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯

મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,

E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર

ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા

ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™

Autoclaved Aerated Concrete Blocks

ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦

sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in



ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com